## આણંદ શહેરના સોની બજારોમાં તેજીનો માહોલ, પુષ્ય નક્ષત્ર અને દિવાળી પહેલા સોનાનું એડવાન્સ બુકિંગ શરૂ








આણંદ સહિત જીલ્લાભરમાં દિવાળીના તહેવારમાં લોકો સોનાના ઘરેણાની ધૂમ ખરીદી કરે છે. ખાસ કરીને ધનતેરસના દિવસને લોકો સોનું ખરીદતા હોય છે. દિવાળી પર્વમાં સોનું સહિત ઝવેરાત ખરીદવા માટે ઉત્તમ મુર્હૂત સમાન પુષ્ય નક્ષત્ર આવે છે. બીજી તરફ સોના ભાવ સતત વધી રહ્યા છે. આમ છતાં પણ ભાવ વધવાની નહીંવત અસર રહી છે. લોકો સોનાના ઘરેણાંનું એડવાન્સ બુકિંગ કરાવી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે સ્ત્રીઓને સાડી અને સુવર્ણ આભૂષણો સૌથી વધારે પ્રિય હોય છે. જોકે દિન-પ્રતિદિન સોનાના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. દીપોત્સવના પર્વ દરમિયાન લોકો ધનતેરસ અને પુષ્ય નક્ષત્રના શુભ દિવસે સોનાની ખરીદી કરે છે. આણંદના ઝવેરી બજારોમાં દીપોત્સવી પૂર્વે લોકોએ સોનાના ઘરેણાંનું એડવાન્સ બુકિંગ કરાવવાનું શરૂ કરી દીધું છે. જેને પગલે જીલ્લાભરમાં સોની બજારોમાં ખરીદીનો માહોલ જોવા મળે છે. દીપોત્સવીનો તહેવાર નજીક આવી રહ્યો છે અને બજારમાં ધીરે-ધીરે ખરીદીનો માહોલ જોવા મળી રહ્યો છે. આ તહેવાર દરમિયાન ગૃહ સુશોભનની વસ્તુઓની ખરીદી કરવામાં આવે છે. તેમજ સોના-ચાંદીના ઘરેણાની ખરીદી કરવામાં આવતી હોય છે. દીપોત્સવી પર્વ પૂર્વે પુષ્ય નક્ષત્રમાં સોનાની ખરીદી શુભ માનવામાં આવે છે. આથી પુષ્ય નક્ષત્રના રોજ પણ સોનાની ખરીદી કરતા હોય છે. ધનતેરસ અને દિવાળીના દિવસે સોનાની ખરીદી કરવામાં આવતી હોય છે. પરંતુ હાલ વધતા જતાં સોનાના ભાવને લઈ લોકોએ એડવાન્સ બુકિંગ કરવામાં આવી રહ્યું છે. આણંદના જાણીતા જ્વેલર્સના શો રૂમના માલિક જણાવ્યા અનુસાર હાલ દિવાળી નજીક આવી રહી છે. ત્યારે સોનાના ઘરેણાંનું એડવાન્સ બુકિંગ કરવામાં આવી રહ્યું છે. તહેવારના દિવસે ખરીદી માટે ભારે ભીડ રહેતી હોય જેના કારણે ઘરેણાની પસંદગી અગાઉથી કરી અને એડવાન્સ બુકિંગ કરવામાં આવે છે અને શુભ દિવસે ખરીદી કરે છે. હાલ સોના ભાવમાં સતત વધારો જોવા મળી રહ્યો છે જેના કારણે લોકો શુભ દિવસે ખરીદી કરવાના બદલે અગાઉથી બુકિંગ કરી અને સોનાની ખરીદીની સાથે શુભ દિવસનું શુકન પણ સાચવી રહ્યા છે.

# માતર તાલુકાના ભલાડાના સ્મશાનમાં અંતિમવિધિ અટકાવાતાં વિવાદ સર્જાયો

**સરપંચ** દ્વારા મધ્યસ્થી થતાં ચુનારા જ્ઞાતિના વ્યકિતના મૃતદેહની અંતિમ વિધિ કરાઇ



(પ્રતિનિધિ) ખેડા તા 14

ખેડા જીલ્લાના માતર તાલુકાના ભલાડા ગામમાં સ્મશાનમાં ચુનારા જ્ઞાતિના મૈયત વ્યકિતના અગ્નિદાહ માટે જગ્યા મામલે વિવાદ સર્જાયો છે. મૃતકની અંતિમવિધિ માટે સ્મશાનની જગ્યા પર પહોંચેલા પરીવારજનોને ગામના સ્થાનિક વ્યકિત દ્વારા જ વિક્ષેપ કરવામાં આવ્યો હતો. જેથી પરિવારજનોએ ગ્રામ પંચાયત ખાતે રજુઆત કરતાં સરપંચને દરમિયાનગીરી કરવાની ફરજ પડી હતી.

મળતી માહિતી મુજબ ભલાડા ગામે સ્મશાન જગ્યાને લઈ તણાવની પરિસ્થિતિ ઉભી થતાં ચુનારા જ્ઞાતિના મૃતકના પરિવારે સરપંચને કર રજૂઆત કરી હતી. વર્ષો જૂના સ્મશાનનો ઉપયોગ કરે છે તે ચુનારા સમાજના પરિવારના મૈયત થયેલ વ્યક્તિના મૃતદેહના અંતિમ સંસ્કાર અટકાવવામાં આવ્યા હતા. ચુનારા જ્ઞાતિના વડીલોએ જ બનાવેલા સ્મશાન પર જ રોક લગાવવાનો આક્ષેપ મૃતકના પરિવારે કર્યો હતો. ભલાડા ગામના જયંતિભાઈ હરિભાઈ નામના વ્યક્તિએ અગ્નિદાહ કરવામાંની ના પાડી હતી. જેથી ભારે વિવાદ સર્જાયો હતો. જોકે સરપંચ દ્વારા તાત્કાલિક ધોરણે કાર્યવાહી કરાતાં સ્મશાનની જગ્યા પર અંતિમ વિધિ કરાઈ હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, આણંદ - ખેડા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી સ્મશાન અને અંતિમવિધિના મામલો આંતરવિગ્રહના કિસ્સા બહાર આવતા રહે છે.

### સ્મશાન તેમજ વરંડાની વ્યવસ્થા કરાશે

મૃતકના પરિવારજનોને ગામના જયંતિભાઈ હરિભાઈએ પૂછ્યું કે "આ મારું ઝાડ કોણે પાડ્યું?" તેમજ વનિતાબેન સરપંચને બોલાવીને પછી વિધિ કરવાનું કહ્યું હતું. જોકે વિવાદ બાદ સરપંચને રજૂઆત કરી હતી. મહીલા સરપંચ દ્વારા તાત્કાલિક JCB મંગાવી સ્મશાનની જગ્યા સાફ કરાવી આપી હતી, ત્યારબાદ સરપંચ દ્વારા આશ્વાસન આપવામાં આવ્યું હતુ કે ટૂંક સમયમાં સ્મશાન તેમજ વરંડા જેવી સુવિધા પૂરી પાડવામાં આવશે.

## સંતરામપુરમાં બાઈક સાથે ઈકો ટકરાતા 1નું મોત

(પ્રતિનિધિ) સંતરામપુર, તા.14

મોરવાહડફ ખાનપુર પગી ફળિયામાં રહેતા શંકરભાઈ ચંદ્રસિંહ મકવાણાના બહેનને ડિલીવરી અંતર્ગત સંતરામપુર ખાતે હોસ્પિટલમાં દાખલ કરેલ હતા.. જેથી 13મીના રોજ તેમના માતા બાલુબેનને બહેનની સાસરીમાં સરસ્વા ગામ મોકલ્યાં હતાં. પરંતુ તેમના બનેવીએ ફોન કરીને કહ્યું કે મારો ભાઈ તમારી મમ્મીને બાઈક લઈને મુકવા આવતો હતો તે સમયે સંતરામપુર બાયપાસ પરથી પુરપાટ ઝડપે આવતી ઈકો ગાડીએ ટકકર મારી હતી. આ અકસ્માતમાં બન્ને સંતરામપુર દવાખાને સારવાર અર્થે દાખલ કર્યાં છે. જ્યાં બાલુબેન ચંદ્રસિંહ મકવાણા (ઉ.વ.45)ને મૃત જાહેર કર્યાં હતાં. આ અંગે સંતરામપુર પોલીસે કાર ચાલક સામે ગુનો નોંધ્યો હતો.

# સંતરામપુર અને લુણાવાડામાં લાખોના વીજવાયરો ચોરાયા

(પ્રતિનિધિ) સંતરામપુર, તા.14

સંતરામપુર અને લુણાવાડા પંથકમાં એમજીવીએલના એલ્યુમિનીયમ વીજવાયરોની ચોરી થઇ હોવાની ફરીયાદ ઉઠી હતી.

સંતરામપુરના લીમડા મુવાડી ગામે થાંભલા પર કટર વડે એલ્યુમીનીયમના વાયરો કાપી તા.05-10-2025 ના રોજ ચોરી કરી હોવાની ફરીયાદ ઉઠી હતી. જેને લઈને એમજીવીસીએલ તંત્ર દોડતુ થયુ હતુ. જેમાં તસ્કરોએ લીમડા મુવાડી પટેલ ફળીયા ખેતીવાડી ટ્રાન્સફોર્મરમાંથી નીકળતી લાઇન કે જે કાળુભાઇ દયાળભાઈ પટેલ અન્ય ખેડુતોના ખેતરોમાંથી પસાર થતી હતી. 1320 મીટરના ચાર ખુલ્લા અલ્યુમીનીયમ વાયર રૂ40917- ની ચોરી કરી હતી.તે સાથે તસ્કરોએ રમણભાઇ કાળુભાઇ પટેલ અને અન્ય ખેડુતોના ખેતરોમાંથી 700 મીટરના ચાર એલ્યુમિનીયમ વાયરોની રૂ.1968 ની ચોરી મચાવી હતી.આ જ રીતે ચોર ઈસમોએ શીવાભાઇ પ્રભુદાસ પાટીદારના ખેતર પાસેની ખેતરાઉ જમીનમાં પણ ચોરીનો તરખાટ મચાવી 700 મીટરના ચાર એલ્યુમિનીયમ વાયરો રૂ.1968 સહિત રેવાભાઇ સુખાભાઇ પટેલના ખેતર પાસે 1180 મીટર રૂ.36577- તથા રેમશ કાનજીભાઇના ખેતર પાસેથી 640 મીટરના ચાર એલ્યુમિનીયમ વાયરો રૂ 19838- ની રાત્રિના અંધારમાં ચોરી મચાવી હતી..ત્યારે કુલ્લે 119300ના એલ્યુમીનીયમ વાયરોની ચોરી થવા અંગે એમજીવીસીએલ જુનિયર એન્જીનિયર અમન કૃષ્ણક્માર મિશ્રાએ સંતરામપુર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

આ તરફ લુણાવાડાના ગોરાડા ગામે પણ તસ્કરોએ એલ્યુમિનીયમ વાયરોની ચોરી મચાવી હતી.જેમા મણીનગર હીરાનગર ખેતીવાડી વિજજોડાણ વાળા 10 કેવીના ટ્રાન્સફોર્મર પરથી કુલ પાચ ગાળાના ચાર તાર વાળી હળવા વીજ દબાણ વાળી લાઈનમાં આશરે 1 કિલોમીટરના વાયર રૂ.39965- ની ચોરી કરી તસ્કરો પલાયન થઇ ગયા હતા.જે અંગે લુણાવાડા નાયબ ઈજનેર કલ્પેશકુમારે લુણાવાડા તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### ડાકોર સંત વિજયદાસજી સેવાશ્રમ દ્વારા પૌષ્ટિક આહારની કિટ વિતરણ કરાઇ



**ડાકોર** | સંત વિજયદાસજી સેવાશ્રમ ટ્રસ્ટ ડાકોર દ્વારા સગર્ભા મહિલાઓને પોષ્ટિક આહારની કીટ વિતરણ કરવામાં આવી હતી. જેમાં ઠાસરા તાલુકાના ગામડાઓની મહિલાઓએ લાભ લીધો હતો. પૂજ્ય વિજયદાસજી મહારાજે જણાવ્યું હતું કે દરેક સમૃદ્ધ વ્યક્તિએ સમાજ ની સેવા કરવી જ જોઈએ.

### નડિયાદમાં કચ્છ કડવા પાટીદાર સત્સંગ સમાજ દ્વારા શસ્ત્રપૂજન કરાયું

**નડિયાદ** | કચ્છ કડવા પાટીદાર સત્સંગ સમાજ દ્વારા વિજયા દશમીની ઉજવણીના ભાગરૂપે શસ્ત્ર પૂજન કરવામાં આવ્યું હતું. આ શુભ દિવસે પરંપરા અનુસાર વિધિવત્ પૂજા કરવામાં આવી, જેમાં સમાજના તમામ સભ્યોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમ દરમિયાન રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) ના ભવ્ય અને પ્રેરણાદાયી ઇતિહાસની ઝાંખી રજૂ કરાઇ હતી. આ પ્રસંગે આરએસએસના ઇતિહાસમાં કચ્છ કડવા પાટીદાર સમાજના અમૂલ્ય યોગદાન અને સમર્પિત સભ્યોનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમાજના પ્રમુખ ડો. શિવજીભાઈ સહિત આઇપીપી પરસોત્તમભાઈ, ઉપપ્રમુખો નરેન્દ્રભાઈ તથા રમેશભાઈ ઠાકરાણી, અને નીતિન વાસાણી તથા દિપેશ પટેલ સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિતિ રહ્યાં હતાં.



ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પલેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### વિદ્યાનગર બીવીએમની બોયઝ બેડમિન્ટન ટીમ જીટીયુ સ્પિરિટમાં ચેમ્પિયન બની

**આણંદ** | ચારૂતર વિદ્યામંડળ દ્વારા સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયની ટીમે જીટીયુ સ્પિરિટ-2025 ઇન્ટર-ઝોનલ રમતોત્સવમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે. આ બેડમિન્ટન સ્પર્ધામાં બીવીએમની બોયઝ ટીમ ચેમ્પિયન બની છે, જ્યારે ગર્લ્સ ટીમે રનર્સ અપ સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ સ્પર્ધામાં એસવીઆઈટી, વાસદ દ્વારા આયોજિત કરવામાં આવી હતી. જ્યારે ચેમ્પિયન બનેલી બોયઝ ટીમમાં હર્ષ, દેવાંગ, હર્ષિત, દેવિક, ધ્રુવ અને વીરનો સમાવેશ થાય છે. જ્યારે રનર્સ અપ બનેલી ગર્લ્સ ટીમમાં ભક્તિ, યશવી, દિશા અને વિહાનો સમાવેશ થતો હતો. આ સ્પર્ધાના અંતે હર્ષિત ભટ્ટ, દેવિક પરમાર અને ભક્તિ ગોહિલને જીટીયુ વેસ્ટ ઝોન/ એઆઇયુ ટીમમાં પસંદગી કરવામાં આવી છે. આ સ્પર્ધાઓને સફળ બનાવવા માટે બી.વી.એમ. સ્પોર્ટ્સ કોઓર્ડિનેટર પ્રા. અમિત અમીન, પ્રા. મેહુલ પટેલ, તથા સ્ટુડન્ટ સ્પોર્ટ્સ કોર્ડીનેટર્સ ભક્તિ અને પાર્થ દ્વારા સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.



### એસપી યુનિવર્સિટી દ્વારા ઓલ ઈન્ડીયા સર્વે ઓન હાયર એજ્યુકેશનનો ડેટા ભરવા કાર્ય શાળા યોજાઈ

**આણંદ** | સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા એમપી પટેલ ઓડિટોરિયમ ખાતે ઓલ ઈન્ડીયા સર્વે ઓનહાયર એજ્યુકેશન(AISHE)નો ડેટા ભરવા માટે આણંદ અને ખેડા જિલ્લાની યુનિવર્સિટીઓ, સંલગ્ન કોલેજો અને સ્ટેન્ડ અલોન સંસ્થાના 170થી વધુ નોડલ ઓફિસર માટેની કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાત સ્ટેટનોડેલ ઓફિસર ડો. દિનેશ શર્મા અને નોડલ ઓફિસર ડો. અર્પિત પાટડિયા ઉપરાંત આણંદ અને ખેડા જિલ્લાની યુનિવર્સિટી અને કોલેજોના 170થી વધુ નોડલ ઓફિસરો ઉપસ્થિત રહ્યા હતા.



### બાકરોલની સ્પેક એન્જીનીયરીંગ, હેન્ડસ ઓન સેશનનું આયોજન કરાયું

**આણંદ** | તિરૂપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ (સ્પેક) સ્થિત સરદાર પટેલ કોલેજ ઓફ એન્જીનીયરીંગ એન્ડ ટેક્નોલોજી, બાકરોલમાં 'કમ્પિટિટીવ કોડિંગ: તમારા તર્કને તીક્ષ્ણ બનાવો, તમારી કુશળતામાં વધારો કરો' વિષય પર હેન્ડસ ઓન સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ હેન્ડસ ઓન સેશનનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓની કમ્પિટિટીવ કોડિંગની કુશળતામાં વધારો કરવાનો હતો. કાર્યક્રમ આચાર્ય ડો. નાનક પમનાણી, આઇક્યુએસી કો-ઓર્ડીનેટર જય પટેલ તથા સેપ કોર્ડીનેટર પૂજા રાઠોડ, કમ્પ્યુટર એન્જીનીયરીંગના વડા જીગર દલવાડી અને ઇન્ફોર્મેશન ટેક્નોલોજીના વડા કૌશલ પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યો હતો.



### આણંદની વીજે પટેલ કોલેજના વિદ્યાર્થી આંતર યુનિ. સ્પર્ધા માટે સિલેક્શન થયાં

**આણંદ** | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત વી.જે. પટેલ કોલેજ ઓફ ફિઝિકલ એજ્યુકેશન, મોગરી ખાતે વુડબોલ (મેન અને વિમેન)ની આંતર યુનિવર્સિટી સ્પર્ધામાં ભાગ લેનાર ટીમની પસંદગી માટેના સિલેક્શન ટ્રાયલનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટ્રાયલ દરમિયાન વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા અને માર્ગદર્શન આપવા માટે ડો. સરદારસિંહ રાઠોડ કમિટીના સભ્ય તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત, સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી, દેસરના પ્રતિનિધિઓ તરીકે પ્રોફેસર ડો. રણછોડભાઈ રાથવી અને પ્રોફેસર ડો. જયદીપસિંહ ચૌહાણ પણ ખાસ હાજર રહીને ખેલાડીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. આ કોલેજ અને સ્પર્ધાના સફળ આયોજન બદલ મંડળના મંત્રી કે.ડી. પટેલ, મંડળના સભ્યો અને કોલેજના આચાર્ય ડો. અજીતસિંહ ગોહિલે આભાર વ્યક્ત કર્યો હતો.



### આણંદના ડો. શૈલેષ શાહનું ગુજરાત વેટરન ક્રિકેટ એસો.ના પ્રમુખ તરીકે વરણી કરાઇ

**આણંદ** | ગુજરાત વેટરન ક્રિકેટ એસોસિએશનની વાર્ષિક સાધારણ સભા આણંદ ખાતે યોજાઇ હતી. જેમાં રાજ્યના ભૂતપૂર્વ રણજી ટ્રોફી કપ્તાન અને ગુજરાત વેટરન ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ અશોકભાઇ જોષી હાજર રહ્યાં હતાં. તેઓએ મહેન્દ્રભાઇ પંડ્યા કે જેઓએ 30 વર્ષ સુધી ગ્રાઉન્ડ પર અમ્પાયર તરીકે ફરજ બજાવી છે. જે બદલ તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. જ્યારે અશોકભાઇએ પ્રમુખ તરીકે રાજીનામું આપતાં ગુજરાત વેટરન ક્રિકેટ એસોસિએશનના પ્રમુક તરીકે ડો. શૈલેષ શાહની સર્વાનુમત્તે નિમણૂંક કરવામાં આવી છે.



### આણંદ શહેરની શિશુવિહાર શાળામાં દિવાળી પર્વની ઉજવણી કરવામાં આવી



**આણંદ** | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત શિશુવિહાર આણંદમાં શાળાના આચાર્યા બેલાબેન પટેલ અને શિક્ષકોના માર્ગદર્શન હેઠળ દિવાળીની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બાળકોએ દીવાથી, રંગથી રંગોળી, રંગીન પથ્થરથી રંગોળી, દિવાળી કાર્ડ બનાવીને ઉજવણી કરી હતી.શાળાના આચાર્ય બેલાબેન પટેલ, સંસ્થાના મંત્રી કેતનભાઈ પટેલ, સંસ્થાના કેમ્પસ ડાયરેક્ટર મહેશભાઈ પટેલ તથા શાળા પરિવારે શુભેચ્છાઓ પાઠવી હતી.

### વિદ્યાનગરની આઈબી પટેલ ઇંગ્લિશના છાત્રોએ અમુલ ચોકલેટ પ્લાન્ટની મુલાકાત લીધી

**આણંદ** | ચારૂતર વિદ્યામંદિર સંચાલિત આઈબી પટેલ ઈંગ્લિશ સ્કૂલ (GIA) માં વિદ્યાર્થીઓએ મોગર ખાતે આવેલા અમુલ ચોકલેટ પ્લાન્ટની શૈક્ષણિક મુલાકાત લીધી હતી. તેઓએ ધોરણ 9 અને 10ના વોકેશનલ આઈટી વિષયના વિદ્યાર્થીઓને તેમની પ્રાયોગિક શિક્ષણ પ્રક્રિયાના ભાગરૂપે અમૂલ ડેરી તેમજ અમૂલ ચોકલેટ પ્લાન્ટ, મોગર ખાતે ઉદ્યોગ મુલાકાત માટે લઈ જવામાં આવ્યા હતા. આ મુલાકાત દરમ્યાન ડેરીના વિવિધ વિભાગો તેમજ ચોકલેટ નિર્માણની પ્રક્રિયા - કાચા માલના પ્રોસેસિંગથી લઈને ઓટોમેશન અને પેકેજિંગ સિસ્ટમ સુધીની તમામ પ્રક્રિયાઓ વિશે વિગતવાર માહિતી મેળવી હતી. શાળાના વ્યવસાયિક શિક્ષણ વિભાગના લતેશભાઈ, અજય તળપદાએ ટેકનોલોજી અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.



### નારના ગોકુલધામ ખાતે દિવ્યાંગજનોને 871 સહાયક ઉપકરણોનું નિ:શુલ્ક વિતરણ કરાયું

**પેટલાદ** | નાર ખાતે આવેલા સ્વામિનારાયણ ગોકુલધામમાં 'સેવા, સંવેદના અને સ્વાવલંબનનો મહોત્સવ' સ્વરૂપ દિવ્યાંગજન સહાય વિતરણ સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ રુરલ ઇલેક્ટ્રિફિકેશન કોર્પોરેશન લિમિટેડ (આરઈસી) ની નિગમિત સામાજિક જવાબદારી (સીએસઆર) યોજના હેઠળ, જિલ્લા વહીવટીતંત્ર આનંદ અને સ્વામિનારાયણ ગોકુલધામના સંયુક્ત ઉપક્રમે યોજાયો હતો. આ પાવન પ્રસંગે આચાર્ય રાકેશપ્રસાદદાસજી સ્વામી અને ગુરુવર્ય મોહનસ્વામી સહિતના સંતોની પાવન ઉપસ્થિતિ રહી હતી. જ્યારે મુખ્ય અતિથિ તરીકે રમણભાઈ સોલંકી, કલેક્ટર પ્રવિણભાઈ ચૌધરી તેમજ સોજિત્રા અને પેટલાદના ધારાસભ્યો સહિતના પ્રતિષ્ઠિત અતિથિઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન જિલ્લાના કુલ 628 દિવ્યાંગજન લાભાર્થીઓને એલિમ્કો દ્વારા તૈયાર કરાયેલા 871 સહાયક ઉપકરણો નિ:શુલ્ક વિતરણ કરવામાં આવ્યા હતા.



### નડિયાદ શહેરના વલ્લભ સદન ખાતે ત્રિવેણી સંગમ કાર્યક્રમ યોજાયાં

**નડિયાદ** | નડિયાદ શહેરના વલ્લભ સદન ખાતે વૈષ્ણવો સરકાર સાક્ષાત વલ્લભ સ્વરૂપ તૃતીય પીઠાધીશ્વર કાંકરોલી નરેશ પૂજ્ય પાદ ગોસ્વામી 108 ડોક્ટર વાગીશ કુમારજી મહારાજ પધારતા વૈષ્ણવો દ્વારા રંગે ચંગે સ્વાગત કરાયું હતું. હવેલીમાં પ્રભુના અલૌકિક શ્રીજીને પલ્લામાં ઝુલાવીને નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલ કી સાથે, પ્રસાદની લૂંટા લૂંટા કરતાવ વ્રજ ભક્તો બનીને ગોકુલમય વાતાવરણ જોવા મળ્યું હતું. પૂજ્યના કરકમલો દ્વારા પ્રભુની આરતી ઉતારવામાં આવી હતી. વચનામૃત દ્વારા વૈષ્ણવોને વૈષ્ણવનું જીવન કેવું હોવું જોઈએ ? વૈષ્ણવનું કર્તવ્ય શું એ વિષય પર વૈષ્ણવોને દિવ્ય અમૃત જ્ઞાન પીરસ્યું હતું.

